# TWGની બેઠકમાં સમૂહ ચિંતનથી પ્રવાસન ક્ષેત્રને નવી દિશા અને ઊર્જા મળશે: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ધોરડોમાં જી-૨૦ અંતર્ગત ટૂરિઝમ વર્કિંગ ગ્રૂપની પ્રથમ બેઠક





ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતના યજમાન પદે યોજાઈ રહેલી જી-૨૦ પ્રેસીડેન્સીની ટુરિઝમ વર્કીંગ ગૃપની પ્રથમ બેઠકનો કચ્છના ધોરડોથી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, TWG બેઠકના સામુહિક ચિંતનથી ટુરિઝમ સેક્ટરને નવી દિશા અને ઊર્જા મળશે. વિકાસમાં પ્રવાસનનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દેશ અને દુનિયાના જીડીપીમાં ટૂરિઝમનું મહત્ત્વનું યોગદાન છે. ગુજરાતને સમૃદ્ધ અર્થવ્યવસ્થા બનાવવાની દિશામાં લેવાઈ રહેલા પગલાંઓનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યુ કે, નવી પ્રવાસન નીતિ અંતર્ગત રાજ્યમાં પ્રવાસનના વિકાસની સાથે-સાથે પર્યાવરણ સમૃદ્ધિનો એક વિશિષ્ટ દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે. બે દાયકા પહેલાં કચ્છના ભૂકંપમાં અનેક લોકોના મૃત્યુ થયા હતા અને હજ્જારો ઘર ધ્વસ્ત થઈ ગયા હતા. પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અથાક પ્રયત્નોએ આફતને અવસરમાં પલટાવી દીધી છે. તેમની દૂરદર્શિતા અને માર્ગદર્શનના પરિણામે કચ્છ ફરી બેઠું થયું અને વિકાસના માર્ગ પર આગેકૂચ કરી રહ્યું છે તેનો મુખ્યમંત્રીએ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ કચ્છમાં ઔદ્યોગિક વિકાસની સાથે પ્રવાસનની પણ અપાર સંભાવનાઓ નિહાળીને શરુ કરાવેલો રણોત્સવ આજે દુનિયાભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. પ્રધાનમંત્રીશ્રીએ કચ્છના રણને વિશ્વના માનચિત્રમાં મહત્ત્વનું સ્થાન અપાવ્યું છે. ટૂરિઝમ વર્કિંગ ગ્રૂપની મહત્ત્વની પાંચ પ્રાથમિકતાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પાંચમાંથી એક પ્રાથમિકતા ગ્રીન ટૂરિઝમ પણ છે. કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપની યાદમાં નિર્માણ થયેલું સ્મૃતિવન સ્મારક ગ્રીન ટૂરિઝમનું ઉદાહરણ છે. આ સ્મૃતિ વનમાં પચાસ ચેકડેમ અને ત્રણ લાખથી વધુ છોડના વાવેતરથી ગ્રીન ટૂરિઝમને નવી દિશા મળી છે.

### વેધર સ્ટેશન ધરાવતી પહેલી યુનિવર્સિટી બનશે

# હવે ગુજરાત યુનિવર્સિટીમાં પણ વેધર સ્ટેશન બનશે

## ડિપાર્ટમેન્ટ ઓફ ક્લાયમેટ ચેન્જ તરફથી વેધર સ્ટેશન બનાવવા માટે ગુજરાત યુનિવર્સિટીને મંજૂરી મળી

અમદાવાદ, તા.૮

સતત બદલાતા મોસમના મિજાજ સામે હવામાનની આગાહી હવે જરૂરી બની ગઈ છે. ઠંડીમાં વરસાદ પડે, ગરમીમાં માવઠું પડે, તો અચાનક ઠંડી વધઘટ થઈ જવી એ બદલાતી મોસમના અપડેટ પર હવે દરેક નાગરિકો નજર રાખે છે. ત્યારે હવે ગુજરાત યુનિવર્સિટી પણ હવામાનની આગાહી કરશે. ગુજરાત યુનિવર્સિટીને વેધર સ્ટેશન વિકસાવવાની પરવાનગી મળી ગઈ છે. આ સાથે જ વેધર સ્ટેશન ધરાવતી ગુજરાત યુનિવર્સિટી સમગ્ર દેશમાં પહેલી યુનિવર્સિટી બનશે.

ડિપાર્ટમેન્ટ ઓફ ક્લાયમેટ ચેન્જ તરફથી વેધર સ્ટેશન માટે ગુજરાત યુનિવર્સિટીને મંજૂરી મળી ગઈ છે. ગુજરાત યુનિવર્સિટીમાં એપ્રિલ મહિનાથી વેધર સ્ટેશન શરૂ થશે. ગુજરાત યુનિવર્સિટી તેના વેધર સ્ટેશનના માધ્યમથી તાપમાન, ભેજ, વરસાદ, વાવાઝોડા અંગે માહિતગાર કરશે. વેધર સ્ટેશન બનતા હવામાન વિભાગની જેમ ગુજરાત યુનિવર્સિટી પણ રાજ્ય અને કેન્દ્ર સરકારને મદદરૂપ થશે.

ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેનીબીલીટીનાં ડાયરેક્ટર સુધાંશુ જહાંગીરે કહ્યું કે, ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટરનો દરિયો છે, છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં સતત સાયકલોન આવી રહ્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાં વેધર સ્ટેશન બનવાથી અનેક પ્રકારના સંશોધનો કરવા શક્ય બનશે. વિદ્યાર્થીઓ પીએચડીનો અભ્યાસ કરી શકશે, જે રિસર્ચ થશે અને પરિણામ મળશે તે ગુજરાત અને ભારત સરકાર સાથે અમે શેર કરીશું. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સહિત ખેડૂતોને પણ વેધર સ્ટેશનના કારણે ખૂબ જ મદદ મળી શકશે

વેધર સ્ટેશન બનતા ગુજરાત યુનિવર્સિટીના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાભ થશે. ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કલાઈમેટ ચેન્જ, ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટિક્સ, ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેનીબિલિટી, ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સ, ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસની તક મળશે.

# ગુજરાતમાં ૧૫૦૦૦ જેટલા તલાટીઓની જગ્યા ખાલી

## તલાટીઓની રાહ જોવામાં ગ્રામજનોનો સમય વિતી જાય છે : એક તલાટી પર હાલમાં અનેક ગામોની જવાબદારી

અમદાવાદ, તા.૮

ગુજરાતનાં ગામડાંની જનતા એક મોટી સમસ્યાનો સામનો કરી રહી છે. આ સમસ્યા છે તલાટીઓની ઘટ, જેના કારણે ગ્રામજનોનાં અગત્યનાં કામ અટકી પડે છે. તલાટીઓની રાહ જોવામાં લોકોનો સમય વિતી જાય છે. એક તલાટી પર અનેક ગામોની જવાબદારી છે, જેની કિંમત લોકો ચૂકવી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં વહીવટી કામગીરીનું કેન્દ્ર એટલે તલાટીની કચેરી. લોકોને આવકનાં દાખલા મેળવવાનાં હોય કે સરકારી યોજનાઓની સહાય, ૭-૧૨નાં ઉતારા મેળવવાનાં હોય કે જન્મ-મરણનાં દાખલા, આ તમામ કામગીરી તલાટીને હસ્તક હોય છે. જો તલાટી ન હોય તો મહેસૂલને લગતી અને રોજબરોજની કામગીરી અટકી પડે છે. જો કે રાજ્યનાં મોટાભાગનાં ગામડામાં તલાટીઓની ઘટ છે. ગામ દીઠ એક તલાટી હોવો જોઈએ, તેની જગ્યાએ એક તલાટી પાસે એકથી વધુ ગામડાંનો ચાર્જ છે. જેના કારણે લોકોનાં કામ અટકી પડે છે. બનાસકાંઠાના વડગામ તાલુકામાં કરનાળા ગ્રુપ ગ્રામ પંચાયતમાંથી હતાવાડા, સબલપુર અને થુર ગ્રામ પંચાયતનું ૧૪ મહિના પહેલા વિભાજન થયું છે, ત્રણેય ગામોની પંચાયતો અલગ બની છે, છતાં છેલ્લા ૧૪ મહિનાથી છ ગામનો વહીવટ એક જ તલાટીથી ચાલે છે. લોકોએ સરકારી કામકાજ માટે પાંચથી ૬ કિલોમીટરના ચક્કર કાપવા પડે છે..એમાં પણ કામ થવાની ગેરન્ટી નથી. ગામ જેટલું મોટું હોય, તેમ તલાટીની હાજરીની જરૂર વધુ પડે છે. જો કે ઘણા ગામડાંમાં તો આ બાબતને પણ ધ્યાને નથી લેવાઈ. કેટલાક ગામોમાં ઈન્ચાર્જ તલાટીઓથી કામ ચાલી રહ્યું છે...જેના કારણે લોકોએ કામ કરાવવા અન્ય ગામોનાં ધક્કા ખાવા પડે છે. વલસાડ જિલ્લાનાં સૌથી મોટા પારનેરા ગામમાં પણ કાયમી તલાટી નથી. અન્ય ગામોનો ચાર્જ ધરાવતા તલાટી સપ્તાહમાં એક વખત ગામમાં આવે છે. ગામની વસ્તી ૨૦ હજારની હોવા છતા આ સ્થિતિ પ્રવર્તે છે. લોકોએ ઢ્ઢ્ઢ અને ઢ્ઢંને પણ રજૂઆતો કરી છે, પણ તેનું કોઈ પરિણામ નથી આવતું. છતાં કોઈ કાર્યવાહી કરાતી નથી.. રાજકોટના જેતપુરમાં ૪૮ ગામો વચ્ચે માત્ર ૨૫ તલાટી મંત્રી છે.

### દરેક ગુજરાતી માટે ચોંકાવનારો વીડિયો

# અમદાવાદમાં બાળક નશામાં લથડિયા ખાતો જોવા મળ્યો

## નાની ઉંમરના બાળકો પણ નશીલા બની રહ્યાં છે

અમદાવાદ, તા.૮

ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસના નાક નીચે ચાલતા ડ્રગ્સના કાળા કારોબારનો વીડિયો હવે ગુજરાતની ગલીએ ગલીએ ફેલાયો છે. ગુજરાતમાં ડ્રગ્સ અને દારૂનું દૂષણ એટલું ફેલાયું છે કે, યુવા વર્ગ તો નશામાં ડૂબ્યો જ હતો. પરંતુ હવે નાની ઉંમરના બાળકો પણ નશીલા બની રહ્યાં છે. અમદાવાદમાં રસ્તા પરથી જતા બાળકનો લથડિયા ખાતો વીડિયો દરેક ગુજરાતી માટે ચોંકાવનારો વીડિયો છે. તમને થશે કે, નાની ઉંમરનો બાળક રસ્તા ઉપર નશાની હાલતમાં? શું ગુજરાતમાં નશાની લતમાં બાળપણ બરબાદ થઈ રહ્યું છે. અમદાવાદ શહેરનો આ આંખ ખોલતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. નશામાં ડુબેલો અને હાથમાં સિગરેટ પીતા બાળકનો વીડિયો થયેલો આ વાયરલ કેમ ગુજરાત પોલીસને હજુ સુધી જોવા મળ્યો નથી. ગુજરાતનાં દરેક માતાપિતા માટે ચેતવતો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ફરી રહ્યો છે. જેમાં અમદાવાદના જાહેર રસ્તા પર નશામાં લથડિયાં ખાતો એક બાળક દેખાઈ રહ્યો છે. શું આટલા નાના બાળકે દારૂ કે ડ્રગ્સનો નશો કર્યો હશે? લથડિયાં ખાતા બાળકનો સિગારેટ પીતો વીડિયો વાયરલ થયો છે. અમદાવાદનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. શું નશાની લતમાં બાળપણ બરબાદ થઈ રહ્યું છે. નાની ઉંમરનો બાળક રસ્તા ઉપર નશાની હાલતમાં દેખાઈ રહ્યો છે. ત્યારે આવા બાળકોને નશો કરાવવો કેટલો યોગ્ય. કેમ માતાપિતા પોતાના સંતાનોનું ધ્યાન નથી રાખતા. તો સાથે અમદાવાદમાં પણ ડ્રગ્સ અને દારૂનું દૂષણ એટલુ ફેલ્યું છે.

# અદાણી વિલ્મરની ડિલરશીપ આપવાનું કહીને છેતરપિંડી

## અદાણી ગ્રુપની અદાણી વિલ્મરના લીગલ સેલના એક આસિસ્ટન્ટ મેનેજરે આ મામલે ફરિયાદ નોંધાવી છે

અમદાવાદ, તા.૮

અદાણી ગ્રુપની FMCG કંપની અદાણી વિલ્મરના લીગલ સેલના એક આસિસ્ટન્ટ મેનેજરે સોમવારે ત્રણ શખસો વિરુદ્ધ અદાણી વિલ્મર ડિલરશીપનું વચન આપીને છેતરપિંડી કરવા બદલ અને તેમની પાસેથી રુપિયા પડાવવા બદલ ફરિયાદ નોંધાવી છે. ઈસનપુરની જલધારા સોસાયટીમાં રહેતા ૨૯ વર્ષીય જુબિન મહેતાએ મંગળવારે સાઈબર ક્રાઈમ પોલીસમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે અદાણી વિલ્મર માટે આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે અને છેલ્લાં ચાર વર્ષથી નવરંગપુરાની કંપનીમાં કામ કરે છે. તેમણે જણાવ્યું કે, અદાણી વિલ્મર ૨૩ વર્ષ પહેલાં સ્થપાયેલી ફ્લ્સ્ઝ્ય કંપની છે અને તે ભારતના વિવિધ રાજ્યોમાં ઘરેલું સામાન વેચે છે. અદાણી વિલ્મર ડિલરશીપ માટે અરજી કરનારા વ્યક્તિઓનું મૂલ્યાંકન કર્યા પછી ચોક્કસ શહેરમાં જરુરિયાતોને આધારે ડિલરશીપ આપે છે.

ફરિયાદમાં તેઓએ એવું જણાવ્યું છે કે, અરજદારના વેરિફિકેશન પછી ડિલરશીપ આપવામાં આવે છે. જેના માટે કોઈ રુપિયા લેવામાં આવતા નથી. કેટલીકવાર લોકો ડિલરશીપ માટે કંપનીનો સંપર્ક કરે છે અથવા કંપની તેના પોર્ટલ પર જાહેરાતો પોસ્ટ કરે છે. ગઈ ૧૨ ડિસેમ્બરના રોજ એક શિવકુમર બ્રિજપાલે ઈમેલ કર્યો હતો અને અદાણી વિલ્મરનો સંપર્ક કર્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, વરુણ જૈન નામના શખસે ડિલરશીપનો વાયદો કર્યો હતો. તેમણે કહ્યું કે, તેણે કહ્યા પ્રમાણે રુપિયા આપી દીધા હતા અને જરુરી દસ્તાવેજો પણ પૂરા પાડ્યા હતા. બ્રિજપાલ એક સેવાનિવૃત સૈન્ય અધિકારી છે અને તેઓએ કહ્યું કે, તેઓ અદાણી વિલ્મર વિરુદ્ધ કેસ કરશે. એ પછી મહેતાએ દાવાઓની તપાસ કરી અને સામે આવ્યું કે, કંપનીમાં વરુણ જૈન નામનો કોઈ પણ કર્મચારી નથી. તેઓએ કહ્યું કે, બ્રિજપાલ સાથે કોઈએ છેતરપિંડી આચરી છે. આ જ રીતે અન્ય ચાર લોકોએ ૨૯ ડિસેમ્બર, ૨૦૨૨ અને ૨ ફેબ્રુઆરી, ૨૦૨૧ની વચ્ચે અદાણી વિલ્મરનો ઈમેલ અથવા ફોન દ્વારા સંપર્ક કર્યો હતો અને કહ્યું હતું કે, જૈન અને અન્ય બે લોકોએ ડિલરશીપના ખોટા વચનો આપીને તેમનો સંપર્ક કર્યો હતો. મહેતાએ કહ્યું કે, કેટલાંક સાઈબર ભેજાબાજો લોકો સાથે છેતરપિંડી કરવા માટે અદાણી વિલ્મરના નકલી દસ્તાવેજો અને ઓળખપત્ર બનાવી રહ્યાં છે.

## હોસ્પિટલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને તેમના સગાઓની સૌથી વધારે ભીડ અને ધસારો રહેતો હોય તેવા ઈમરજન્સી વિભાગ અને ઓપીડી વિભાગ ખાતે કાર્યરત કરવામાં આવશે. જયાંથી દર્દીને આરોગ્ય સંસ્થામાં જે સ્વાસ્થ્ય સેવાની જરૂર છે તે સેવા લેવામાં સરળતા અને માર્ગદર્શન મળી રહેશે. આરોગ્ય સેવાઓ અને સારવાર મેળવવામાં દર્દીઓ અને તેમના સગા-સબંધીઓને કોઈ મુશ્કેલી ન પડે અને હોસ્પિટલ તંત્રના સિક્યુરિટી ગાર્ડ અને વર્ગ-૪ ના કર્મચારી થી લઈ તજજ્ઞ તબીબો તરફથી સહાનુભૂતિ ભર્યું વલણ અને વ્યવહાર દાખવવામાં આવે અને કોર્પોરેટ કક્ષાની હોસ્પિટલમાં મળતી સેવાઓનો અનુભવ થાય તે પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન અંતર્ગત ૯૩ હોસ્પિટલોમાં ફરજ બજાવતા તમામ સંવર્ગના કર્મચારીઓ અધિકારીઓને દર્દી અને તેમના સ્વજનો સાથેના વ્યવહારમાં સુધારો લાવવા માટે તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. આ મિશનને સફળ બનાવવા દરેક હોસ્પિટલ અને આરોગ્ય સંસ્થાઓ માટે લાઈઝન ઓફિસર અને નોડલ ઓફિસરની નિમણૂક પણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ ઉદ્યોગ ગૃહો અને અન્ય સંસ્થાઓ તરફથી પ્રાપ્ત થતા સી.એસ.આર. ફંડ અને સ્વૈચ્છિક સેવા સંસ્થાઓના સહયોગથી હોસ્પિટલ એન્ડ પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન હાથ ધરવામાં આવેલ છે. આ મિશન અંતર્ગત કેનેરા બેંક્રની ગાંધીનગર શાખા દ્વારા સિવિલ હોસ્પિટલ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ-ગાંધીનગરને ગોલ્ફકોર્ટનું દાન પ્રાપ્ત થયેલ છે.

## બળજબરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેતાએ આરોપીની જામીન અરજીનો જોરદાર વિરોધ કર્યો હતો જયારે કોર્ટ સમક્ષ ધારદાર દલીલો રજુ કરી હતી જેમાં જણાંવાયુ હતુ કે હાલના સમયમાં યુવતિઓને બળજબરી ધર્મ પરિવર્તન કરાવવાના લવ જેહાદ તેમજ બળાત્કાર ગુજારવાના કીસ્સાઓ સમાજમાં વધી રહ્યા છે. આ આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી બ્લેકમેઈલ કરી યેનકેન પ્રકારે મજબુર કરી તેણીની મરજી વિરુધ્ધ બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવી અનેકવાર શારિરીક શોષણ કરવામાં આવ્યુ છે. જયારે તપાસ અને રીમાન્ડ દરમિયાન આરોપી વિરુધ્ધના તમામ પુરાવાઓ તપાસ અધિકારીઓએ મેળવ્યા છે. જયારે આરોપીનો ગુન્હો કરવામાં મુખ્ય રોલ છે. તેમજ આરોપી માથાભારે અને જનુની સ્વભાવના છે. આરોપી પોતાની પાસે રીવોલ્વર પણ રાખે છે. અગાઉ પણ ફરિયાદીને રીવોલ્વર બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આરોપીને જામીન પર છોડવામાં આવે તો ફરિયાદી અને સાક્ષીના જીવને જોખમ ઉભુ થાય તેમ છે. જયારે પુરાવા સાથે પણ ચેડા થાય તેવી સંભાવના છે. તપાસ હજુ પ્રાથમિક અને નાજુક તબક્કામાં છે જયારે અન્ય આરોપીઓને પણ હજુ ગિરફતમાં લેવાના છે. જેથી તપાસ પર અસર થાય તેમ છે. સમાજમાં લાલબત્તી ધરવા માટે આવા સંવેદનશીલ અને ગંભીર પ્રકારના કેસમાં આરોપીને જામીન આપવો જોઈએ નહીં આરોપીનો ગુનો વેલ પ્લાન ઓર્ગેનાઈઝન ક્રાઈમ હોવાથી આરોપી પોતાની સ્વંતંત્રતાનો દુર ઉપયોગ કરી શકે છે. જયારે ટ્રાયલ દરમિયાન પણ આરોપીની હાજરી સહેલાઈથી મળી આવે તેમ ન હોવાથી સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ ટાંકીને આવા ગંભીર ગુન્હાઓમાં જામીન નહીં આપવા બાબતના પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતોને ધ્યાને લઈ આરોપીના જામીન નામંજુર કરવા દલીલ કરી હતી જેના અંતે ગાંધીનગરના બીજા એડીશ્નલ સેસન્સ જજ એસ ડી મહેતાએ આ કેસના મુખ્ય આરોપી ઈસ્માઈલ ખાન બદરખાન મલેકની જામીન અરજી નામંજુર કરી છે.

## લોન મોંઘી બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓઈલના ભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું કે અત્યારે ઘણા ક્ષેત્ર એવા છે જેમાં વિશ્વને ભારતની મદદની જરૂર છે.

આરબીઆઈ જ્યારે પણ ચાવીરૂપ વ્યાજના દરમાં વધારો કરે છે તેના કારણે બેંક્રો માટે ધિરાણ ખર્ચ વધી જાય છે. આરરબીઆઈના પગલે બેંક્રો પણ પોતાના વ્યાજના દર વધારતી હોય છે. તેથી હોમ લોન, ઓટો લોન, પર્સનલ લોન સહિત તમામ પ્રકારની લોનના દર વધે છે અને ગ્રાહકોએ વધારે ઈંંએ ભરવાનો આવે છે.

જંત્રીના દર વધવાની સાથે હવે રેપો રેટનો વધારો થવાથી ઘર ખરીદનારાઓની સમસ્યા વધવાની છે. હોમ લોનના દર એક સમયે ૭.૫૦ ટકાની આસપાસ ચાલતા હતા તે હવે વધીને ૯.૦૦ ટકા થી ૯.૫૦ ટકા સુધી પહોંચી ગયા છે.

## દરેક ક્ષેત્રે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી. ૧૪૦ કરોડ લોકોનું સામર્થ્ય પડકારોથી ભરેલું છે. પીએમ મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ દેશની બહેન-દીકરીઓ માટે પ્રેરણા છે. રાષ્ટ્રપતિએ આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે ગત બે થી ત્રણ દાયકા અસ્થિરતાના રહ્યા હતા. આજે દેશમાં સ્થિર સરકાર છે. નિર્ણયો લઈ શકે તેવી સરકાર છે. આજે દેશમાં આત્મવિશ્વાસ દેખાય છે. ડિજિટલ ઈન્ડિયાની દરેક તરફ પ્રશંસા થઈ રહી છે. એક સમય હતો જ્યારે નાની ટેક્નોલોજી માટે પણ દેશ તરસતો હતો. પીએમ મોદીએ વિપક્ષને આડેહાથ લેતા કહ્યું કે આજે દેશ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યો છે. અમુક લોકો તેને સ્વીકારી શકી રહ્યા નથી. તેમણે રિન્યૂએબલ એનર્જીમાં ચોથા ક્રમે, મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં બીજો સૌથી મોટો દેશ બની જવાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું કે આજે ખેલાડી પોતાનો રુતબો બતાવી રહ્યા છે. ભારતનો દુનિયામાં ડંકો વાગી રહ્યો છે. ભારત મેન્યુફેક્ચરિંગ હબ બની ગયું છે.

આજે દરેક ક્ષેત્રમાં આશા જ આશા દેખાઈ રહી છે પણ અમુક લોકોને તે દેખાતી નથી. તેમણે સ્ટાર્ટઅપ્સના ઝડપથી વધવાનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આજે દેશમાં ૧૦૯ યુનિકોર્ન બની ગયા છે. તેમણે કાકા હથરસીને ક્વૉટ કરતા કહ્યું કે જે જેવું વિચારશે તેને તેવું જ દેખાશે. પીએમ મોદીએ કહ્યું કે અમુક લોકો ઘણા નિરાશ છે. આ નિરાશા પણ એ રીતે નથી આવી. એક તો પ્રજાનો હુકમ, બાર બાર હુકમ. '

## જેકેટ પહેર્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમઓએ જણાવ્યું કે ઈન્ડિયન ઓઈલે રિટેલ કસ્ટમર અટેન્ડેન્ટ્સ અને એલપીજીની ડિલીવરી કરનારા કર્મચારીઓ માટે આ પ્રકારની યુનિફોર્મ અપનાવવાનો નિર્ણય કર્યો છે. એક યુનિફોર્મ તૈયાર કરવા માટે પ્લાસ્ટિકની ૨૮ બોટલોનો ઉપયોગ થશે. નોટિફિકેશનમાં જણાવાયું હતું કે ઈન્ડિયન ઓઈલ આ પહેલને અનબોટલ્ડ રિસાઈકલ પોલિયેસ્ટરથી બનેલા મર્ચેન્ડાઈઝ માટે લોન્ચ કરાયેલા સસ્ટેનેબલ ગારમેન્ટ્સ માટે એક બ્રાન્ડના માધ્યમથી આગળ લઈ જશે. માહિતી અનુસાર આ બ્રાન્ડ હેઠળ ઈન્ડિયન ઓઈલ સૈન્ય માટે બિન-લડાકૂ યુનિફોર્મ, સંસ્થાનો માટે યુનિફોર્મ અને રિટેલ ગ્રાહકો માટે પણ તૈયાર કરવાની યોજના બનાવી રહી છે.

## શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા માટે એસટી ભાડામાં ૫૦% રાહત અપાશે

ગાંધીનગર,તા.૮

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ગબ્બર ખાતે આગામી તા. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ' રાજ્ય સરકાર અને શ્રીઆરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાનાર છે. આ પરિક્રમા મહોત્સવમાં બનાસકાંઠા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં યાત્રિકો આવશે. જેને લઈ સરકારે મોટો નિર્ણય લીધો છે. પરીક્રમા માટે એસટી ભાડામાં ૫૦ ટકા રાહત અપાશે અને યાત્રાના ૨૪ કલાકની મર્યાદામા લાભ મળશે.

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે ગબ્બર પર આગામી તા. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'નું ગબ્બર તળેટી ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અંબાજીમાં શક્તિ પરીક્રમાને લઈ સરકારે મોટો નિર્ણય કર્યો છે. પરીક્રમા માટે એસટી ભાડામાં ૫૦ ટકા રાહત અપાશે તેમજ યાત્રાના ૨૪ કલાકની મર્યાદામા લાભ મળશે.

લાભ લેવા માટે યાત્રાળુ આધાર કાર્ડની ઝેરોક્ષ આપવાની રહેશે. તેમજ આ લાભ ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી સુધી આપવાનો રહેશે. બનાસકાંઠા સાબરકાંઠા પાટણ મહેસાણા અરવલ્લી ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના લોકોને આ લાભ મળશે.

### બેવડી ઋતુના પગલે ગુજરાતમાં વકર્યો રોગચાળો

# અમદાવાદમાં ૪ દિવસમાં સ્વાઈન ફ્લૂના ૨૯ કેસ : રાજકોટમાં વાયરલના કેસ વધ્યા

## રાજ્યમાં એવી ઋતુ ચાલી રહી છે જેમાં વહેલી સવારે કે રાત્રે બહાર નીકળો તો ઠંડી લાગે અને બપોરે ગરમી લાગે છે





અમદાવાદ, તા.૮

ગુજરાતમાં શિયાળો હવે વિદાય લેવા તરફ છે. ત્યારે હવે ધીમે ધીમે તાપમાનમાં પણ વધારો નોંધાતો જઈ રહ્યો છે. રાજ્યમાં હાલ એવી ઋતુ ચાલી રહી છે જેમાં વહેલી સવારે કે રાત્રે બહાર નીકળો તો ઠંડી લાગે અને બપોરના સમયે નીકળો તો ગરમી લાગે. હવે તાપમાનમાં અચાનક વધારો થઈ રહ્યો છે, ત્યારે ઋતુચક્રમાં થયેલા આ ફેરફારને કારણે રોગચાળો વકરી રહ્યો છે. લોકો વાયરલ ઈન્ફેક્શનની ઝપેટમાં આવી રહ્યા છે. જેને આરોગ્ય વિભાગની ચિંતા વધારી દીધી છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લૂ, ઝાડા-ઉલ્ટી, શરદી ઉદરસ અને ટાઈફોડના કેસોમાં વધારો થઈ રહ્યો છે. તો રાજકોટમાં પણ શરદી-ઉદરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગે રોગચાળો કાબુમાં લેવા કામગીરી હાથ ધરી છે.

અમદાવાદમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જેના પગલે રોગચાળો વકર્યો છે. અમદાવાદમાં ૪ દિવસમાં સ્વાઈન ફ્લૂના ૨૯ કેસ નોંધાયો છે. તો બીજી તરફ ઝાડા-ઉલટીના ૪૭ અને ટાઈફોઈડના ૩૨ દર્દી નોંધાયા છે. વસ્ત્રાલના મહાદેવનગર ખાતે કોલેરાનો કેસ પણ સામે આવ્યો છે. બેવડી ઋતુના કારણે ખાનગી, સિવિલ હોસ્પિટલમાં દર્દી વધ્યા છે. શરદી, ઉધરસ, વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. અલગ અલગ પ્રકારના રોગો ફેલાતા આરોગ્ય વિભાગ ચિંતામાં આવ્યુ છે અને રોગચાળા પર કાબુ મેળવવા માટે કામગીરી હાથ ધરી છે. આ તરફ રાજકોટમાં બેવડી ઋતુના કારણે વાયરલ રોગચાળામાં વધારો નોંધાયો છે. એક અઠવાડિયામાં વાયરલના ૬૧૪ કેસ સામે આવ્યા છે. ડેન્ગ્યુના બે, શરદી, ઉધરસ અને તાવ સહિતના ૬૧૪થી વધુ કેસ સરકારી ચોપડે નોંધાયા છે. મેલેરીયા અને ચીકન ગુનીયાનો કોઈ કેસ આવ્યો નથી. સાથે જ સિઝનલ રોગચાળાના દર્દીઓમાં વધારો થયો છે. આ અઠવાડીયામાં શરદી-ઉધરસના કેસની સંખ્યા વધીને ૪૮૧ પાર પહોંચી છે. જયારે ખોરાકજન્ય અને પાણીજન્ય ઝાડા-ઉલ્ટીના ૮૩ દર્દી નોંધાયા છે. આ સપ્તાહમાં તાવના પણ વધુ ૪૭ દર્દી ચોપડે ચડયા છે. આગામી સપ્તાહમાં હજુ વાયરલ રોગચાળાના કેસમાં વધારો થઈ શકે છે તેવો આરોગ્ય અધિકારીનો દાવો છે.

તો વાયરલ રોગચાળાને કાબૂમાં લેવા માટે તંત્ર સતર્ક થયું છે. રાજકોટ શહેરના પછાત વિસ્તારમાં પત્રીકા વિતરણથી માંડી ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી છે. મચ્છરજન્ય કેસ જે વિસ્તારમાંથી જોવા મળે ત્યાં આસપાસના લોકોના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા અને સેમ્પલ લઈને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલ્યા હતા. બેદરકારી દાખવવા બદલ ૨૫૮ રહેણાંક અને બિનરહેણાંક માલીકોને નોટિસ ફટકારી હતી.

**રક્તદાન મહાદાન**